કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૨૨૧ |
| અમદાવાદ | ૧૭૬ |
| ગાંધીનગર | ૩૪ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૨ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૦, રવિવાર; અ. આસો વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સુપ્રીમ નાણાંકીય નીતિઓમાં હસ્તક્ષેપ ન કરે : કેન્દ્ર

**લોન મોરેટોરિયમ કેસમાં નવી એફિડેવિટ દાખલ કરી કેન્દ્રે હાથ અદ્ધર કર્યા : સરકારે હાથ ઉંચા કરી દીધા, મોરેટોરિયમમાં હવે કોઇ રાહત સંભવ નથી, સરકારે વિવિધ ક્ષેત્રોને પૂરતી રાહત આપી છે, આ સિવાય અન્ય રાહત આપવી દેશના અર્થતંત્ર બેક્ન્કિંગ સેક્ટર માટે હાનિકારક સાબિત થઈ શકે છે**



ન્યુ દિલ્હી,તા.૧૦
લોન મોરેટોરિયમ મામલામાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, ૨ કરોડ સુધીની લોન માટે ચક્રવૃદ્ધિ વ્યાજને માફ કરવા ઉપરાંત કોઈ અન્ય રાહત આપવી રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અને બેંકિંગ ક્ષેત્ર માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કેન્દ્રએ કહ્યું છે કે, પહેલાથી જ સરકારે નાણાકીય પેકેજોના માધ્યમથી રાહતની જાહેરાત કરી હતી, તે પેકેજમાં વધુ છૂટછાટ આપવી સંભવ નથી. ચક્રવૃદ્ધિ વ્યાજની છૂટ અને દેવા પર વિવિધ ક્ષેત્રોને રાહત આપવા પર કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં આ એફિડિવિટ દાખલ કરી છે.

એફિડેવિટમાં કેન્દ્રએ કહ્યું કે, પોલિસી સરકારનું ડોમેન છે અન કોર્ટે સેક્ટર વિશિષ્ટ નાણાકીય રાહતમાં ના જવું જોઈએ. કેન્દ્રએ એવું પણ કહ્યું કે, જનહિત અરજીના માધ્યમથી ક્ષેત્ર વિશેષ માટે રાહતની માગ ના કરી શકાય. પોતાની એફિડેવિટમાં કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના કેસ ૭૦ લાખને પાર

**મૃત્યુઆંક ૧.૦૭ લાખે પહોંચ્યો : ૨૪ કલાકમાં વધુ ૭૩,૨૭૨ કોરોના સંક્રમિત કેસ, ૯૨૬ના મોત**

ન્યુ દિલ્હી,તા.૧૦
ભારત સહિત ૧૮૦થી વધુ દેશોમાં કોરોનાવાયરસનો કહેર છે. અત્યાર સુધીમાં ૩.૬૮ કરોડથી વધુ લોકો આ ચેપથી પ્રભાવિત થયા છે. આ વાયરસથી ૧૦.૬૮ લાખથી વધુ ચેપગ્રસ્ત લોકોનાં જીવ લીધા છે. ભારતમાં પણ કોરોનાનાં કેસો દરરોજ વધી રહ્યા છે. ચેપગ્રસ્ત લોકોની સંખ્યા લગભગ ૭૦ લાખ સુધી પહોંચી ગઈ છે.

આરોગ્ય મંત્રાલયે શનિવારે સવારે જારી કરેલા આંકડા મુજબ, દેશમાં ચેપગ્રસ્ત કોરોની સંખ્યા ૬૯,૭૯,૪૨૩ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૭૩,૨૭૨ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૨,૭૫૩ દર્દીઓ સ્વસ્થ થયા છે. આ સમય દરમિયાન દેશમાં ૯૨૬ કોરોનાનાં દર્દીઓ સંક્રમણથી મૃત્યુ પામ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૫૯,૮૮,૮૨૨ દર્દીઓ ઠીક થઈ ચુક્યા છે. ૧,૦૭,૪૧૬ લોકો મૃત્યુ પામ્યા છે. ૮,૮૩,૧૮૫ સક્રિય કેસ છે. રિકવરી દર વિશે વાત કરીઓ તો તે થોડો વધારો થયા પછી ૮૫.૮ ટકા પર પહોંચી ગયો છે. પોઝિટિવિટી રેટ ૬.૨૯ ટકા છે. મૃત્યુ દર ૧.૫૩ ટકા છે. ૯ ઓક્ટોબરનાં રોજ, ૧૧,૬૪,૦૧૮ કોરોના સેમ્પલ ટેસ્ટ કરાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૫૭,૯૮,૬૯૮ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ભારત અમેરિકા પછી બીજા ક્રમે સૌથી વધુ ટેસ્ટ કરનાર દેશ છે, જોકે ભારતની વસ્તીને જોતા, પ્રતિ ૧૦ લાખ ટેસ્ટ દીઠ ટેસ્ટની સંખ્યા હજી ઘણી ઓછી છે. ભારતમાં કોરોનાથી સૌથી અસરગ્રસ્ત રાજ્ય મહારાષ્ટ્ર છે. કોરોનાનાં કેસો ત્યાં ૧૫ લાખને વટાવી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

**હાથરસ ગેંગરેપ અને મોતનો મામલો પેચિદો બન્યો**

# પીડિતાના પરિવારને શકમંદ મહિલાનું માર્ગદર્શન હતું

**મીડિયા સમક્ષ શું બોલવું તે જબલપુર મેડિકલ કોલેજમાં પ્રોફેસર હોવાનો દાવો કરતી મહિલા કુટુંબને જણાવતી હતી**

લખનૌ,તા.૧૦
ઉત્તરપ્રદેશમાં હાથરસ ગેંગરેપ કેસની તપાસ ચાલુ છે. એ દરમિયાન તપાસમાં ખબર પડી છે કે પીડિતાના ગામમાં નકલી સંબંધો બાંધીને એક મહિલાએ અડિંગો જમાવ્યો હતો. પોતાને પીડિતાની સંબંધી બતાવનારી મહિલાનું સત્ય સામે આવ્યું છે. એક કથિત મહિલા સંબંધિત પીડિત પરિવારમાં દેખાઈ રહી છે. પોલીસનો દાવો છે કે મહિલા પીડિત પરિવારને છેતરી રહી હતી. પોલીસના કહેવા મુજબ કહેવાતી સંબંધી ડૉ. રાજકુમારી પીડિત પરિવારજનોને છેતરતી જોવા મળી છે. માત્ર દલિત હોવાના નાતે પરિવારના લોકોને વિશ્વાસમાં લઈ છેલ્લા ઘણા દિવસથી પીડિત પરિવારને ત્યાં આ મહિલા રહેતી હતી. મહિલા જબલપુર મેડિકલ કોલેજમાં પોતે પ્રોફેસર હોવાનું કહેતી હતી.



પોલીસના જણાવ્યા મુજબ મીડિયામાં શું નિવેદન આપવાનું છે તે અંગે આ નકલી સંબંધી મહિલા, પીડિતાના પરિવારજનોને સતત માર્ગદર્શન આપી રહી હતી. પોલીસને શંકા જતા

● અનુસંધાન પાન-૭ પર


A Siddhraj Infra Pvt. Ltd. Project | siddhrajdevelopers.com

stay connected with the 'Z' Community on
siddhrajdevelopers




SIDDHRAJ
ZOEY
3 — 4 BHK FAMILY HOMES

OPEN FOR BOOKINGS ON APPOINTMENT ONLY

RANDESAN, GANDHINAGAR

CALL +91 88661 05904

PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/RAA07329/140820 | GUJRERA.GUJARAT.GOV.IN

MARKETED BY tps The Property Shop

ido-graph